સર્વ શોખીલા સજ્જનો માટે

રચી પ્રસિદ્ધ કરનાર.

M

સુરસિંહ અને બહાદુરસિંહ

રસીલી વાર્તા.

મુંબઇ,

"સૂર્યોદય" છાપખાનામાં છાપ્યું.

સને ૧૮૯૬.

કિંમત ૨ આના.

5137

સુરસિંહ અને બહાદુરસિંહ.

પુર્વે અસલના વખતમાં એક સુંદર અને રમણીય ચંદ્રપુર નામે નગર હતું. આ શહેરને ફરતો કિલ્લો હતો, તે શહેરના ચાર દરવાજા હતા, શહેરમાં ગાડી-ઘોડા ચાલવામાટે સડક બાંધેલી હતી અને માણસો ચાલવા માટે બંને બાજુ પથરની લાદીથી સડક બાંધેલી હતી અને બંનેબાજુ થોડે થોડે છેટે ઝાડ વાવેલાં હતાં, તેમાં ઘણું ખરાં ઉગેલાં હતાં.

આ શહેરમાં ચંદ્રસિંહ કરીને રાજા રાજ કરતો હતો. તે અદલ ઇનશાફી હતો તે પ્રજાને પુત્ર સમાન ગણતો તેમતે ધર્મીપણ હતો તેથી દરરોજ સવારના પહોરમાં ઉઠી સ્નાન કરી ને પોતાની યથાશકિત દાન પુન પણ કરતો હતો.

હવે આ રાજાને ચંદ્રાવલી નામે રાણી હતી. તે પતિવ્રતા હતી તથા હસમુખી પણ હતી. પણ રાણીને પુત્ર કે પુત્રીનું સુખ પ્રાપ્ત થયું ન હોતું તેથી તે હમેશા ઉદાસ રહેતી હતી. બે વરષ પછી રાણીને ગર્ભ રહ્યો નવમે મહીને એક કાંન્તીવાન પુત્રનો જન્મ આપ્યો જયારે રાણીએ પુત્રને જન્મ આપ્યો ત્યારે દાશી વધાઇ ખાવાને (દેવાને) દરબારમાં દોડી ગઇ. જયારે સર્વ સભાસદો બીરાજમાન થયાછે ને રાજા પણ સિંહાસન ઉપર બીરજયો છે એટલે દાશીએ આવી પુત્રની વધાઇ ખાધી (આપી) જયારે દાશીએ પુત્રની વધાઇ આપી ત્યારે સર્વ સભાસદો ખુશી થયા, ને રાજા પણ અત્યંત ખુશી થયો ને વધાઇ લાવનાર દાસીને અમુલ્ય શરપાવ ભેટ કીધી.

ત્યારપછી જોશીઓને બોલાવી કુંવરનું જોશ જોવ-સવ્યું જન્મ પત્રિકા કરાવી ને કુંવરનું નામ સુરસિંહ કરીને પાડયું ને તેદીવસે આખા નગરમાં મહોચ્છવ થઇ રહ્યો નવાં લુગડાં. પેહેરી આનંદથી સઉ લોકો અહીંથી તહીં ફરતાં હતાં ઠેકાણે ઠેકાણે શાકર વેંચાતી હતી (અપાતી હતી) સઘળી નિશાળોમાં છુટી આપી તેથી છોકરાઓ રાજી થતાં થતાં શાકર લઇ ઘેર દોડી જાતાં હતાં ઘણાં ખરાં ઘરોમાં ગીત ગવાઇ રહ્યાં હતાં તે જોવાને માણસ ભેળું થયું હતું. અને તે દિવસ દિવાળી જેવો દેખાતો હતો.

વળી પાછો રાણીને બે વરષે ગર્ભ રહ્યો પુરે દશમે મહિને રાણીને એક પુત્રી અવતરી. ત્યારે દાશી પાછી લોભમાં પડી ને પાછી દરબારમાં વધાઇ દેવાને ગઇ.

જયારે દાશીએ પુત્રીની વધાઇ આપી ત્યારે સર્વે સભા ખડખડ હશી પડી ત્યારે રાજાએ સરવે સભાસદોને પુછયું કે તમે શા માટે હશ્યા ?

ત્યારે સર્વે સભાએ કહ્યું કે રાજાજી આ દાશી જે પુત્રીના વધાઇ દેવાને આવી છે તે વધાઇ આપવા આ-વવી નહીં જોઇએ એટલુ બોલી ચુપ રહ્યા.

ત્યારે રાજા ક્રોધે ભરાઈ બોલ્યો કે અરે છે કોઇ હાજર ? ત્યારે વજીરે કહ્યું કે એક કહેતાં એકવીશ જણા હાજર છઇએ.

ત્યારે રાજાએ કહ્યું કે જાઓ આ દુષ્ટ પાપણી દાશીને બાંધી નાક કાન કાપી ચોટલો મુંડી ખરવાહને (ગધેડે) બેસાડી ગામ બહાર કાઢી મેલો.

વજીર જી સાહેબ કરી ચાલતા થયો ને એક કુંભારને

ત્યાંથી ગધેડો ભાડે લઇ આવ્યો અને દાશીને બેસવાને ફરમાવ્યું દાશીએ તેને શામ, દામ, અને ભેદ આ ત્રણે સમજાવ્યા પણ વજીર એકનો બે થયો નહીં ત્યારે દાશીને લાચાર થઇ ગધડે બેસવું પડયું.

જ્યારે દાશી ગધેડાઉપર બેઠી એટલે વજીરે રાજાના હુકમ પ્રમાણે ગામમાં ફેરવી નાક કાન કાપી ચોટલો મુંડાવી ચુનો ચોપડાવીને ગામ બહાર કાઢી મેલી.

વળી પાછો રાણીને બે વરષે ગર્ભ રહ્યો નવમે મહિને પુત્ર અવતર્યો ત્યારે દાશી વધાઇ દેવાને દરબારમાં ગઇ જ્યારે દાશીએ પુત્રની વધાઇ આપી ત્યારે સર્વ સભા ખુશી થઇને રાજા પણ ખુશી થયો.

જ્યારે દાશી વળી પાછી રાજાની દરબારમાં વધાઇ દેવા આવી ત્યારે સર્વ સભા માંહોમાંહે બોલવા લાગ્યા કે પરમેશ્વરની ગતી ન્યારીજ છે જેને એક પણ પુત્ર કે પુત્રી નહોતી તેને ઘેર આજ બબે પુત્ર તથા એક પુત્રી થઇ થોડીવારમાં સર્વ સભા ચુપાચુપ થઇ ગઇને વધાઇ લાવનાર દાશીને શરપાવ આપી ત્યાંથી રવાના કીધી.

ત્યારપછી જોશીઓને બોલાવી કુંવરનું જોશ જોવરાવ્યું જન્મપત્રિકા કરાવી નેતેનું નામ બહાદુરસિંહ કરીને રાખ્યું.

સુરસિંહને નવ વરસ થવાં ને બહાદુરસિંહને પાંચ વરસ થયાં એટલે એક ગુરૂકને બને ભાઇઓને ભણવા મુકયાં ત્યાં તેઓ સાથે ભણે, ભણીને હુશીઆર થયાં. હવે આ બંને ભાઇઓને શિકાર રમવાનો બહુ શોખ

હતો તેથી બંને ભાઇઓ સાથે વારંવાર પાસેના જં-ગલમાં શિકાર કરવા જતા હતા.

હવે એક દીવસ બંને ભાઇઓ પોતાના પીતાપાસે રજા લઇને શિકારે ચડયા થોડી વારે બંને ભાઇની નજરે એક હરણી પડી તેથી હરણી તરફ બંને ભાઇઓએ પોતાના ઘોડા દોડાવ્યા થોડી વારે હરણીએ પોતાની તરફ બંને રાજપૂત્રોને આવતા જોયા એટલે એકદમ ત્યાંથી ચારેપગે નાઠી ને રાજકુમારોએ પણ તેની પછવાડે પોતાના ઘોડા દોડાવ્યા થોડીવારમાં તો હરણી કયાં ગુમ થઇ ગઇ તેનું તેને ભાન રહ્યું નહિં.

હવે આ બંને રાજકુમારોએ હરણીની ઘણી તપાસ કરી પણ હરણી મળી નહીં તેથી તેઓ નિરાશ થઇને પાછા વળ્યા પણ રસ્તો સૂઝે નહી ને ભુલા પડયા ને જેમ તેમ કરી આગળ ચાલ્યા

થોડી વારે એક શહેર દેખાવા માંડયું થોડી વારે તે શહેર આગળ આવી પહોંચ્યા ને ગામબહાર એક વાડી હતી તેમાં ઉતારો કીધો ગામમાંથી ઘાસ લાવી ઘોડાને નાખ્યું ઘોડાને પાણી પાયું ને બેઠા બેઠા વાતો કરે છે એટલામાં એક કુમારીકાને દેવળમાં જાતી દીઠી

હવે આ કુમારીકાની નજર પણ પેલા બંને રાજ-કુમારોપર પડી તેથી તે મોહીત થઇ ગઇ થોડી વારે બહાર આવી ને તેની ભેળી જે ચાર ચાર સાહેલી હતી તેને કહ્યું કે તમે અહીંઆં ઉભાં રહો હું હમણાં આવુંછું કારણ જે મારી એક વસ્તુ હું દેવળમાં ભૂલી આવીછું.

એમ કહી દેવળમાં જઇને દેવળના પાછલા બાર-ણેથી થઇને બંને રાજકુમારોપાસે જઇ આવી ને રા-

જકુમારીને આપ્રમાણે કહી આવી કે હું રાતના અહીં આવીશ એટલું કહીને પાછી જતી રહી.

થોડીવારે નાનાભાઇએ મોટા ભાઇને કહ્યું કે ભાઇ ચાલો આપણે અહીંઆંથી બીજે ઠેકાણે બેસાએ નહીંતર ફોકટ હેરાન થઇશું.

સુરસિંહ—હું અહીંઆંથી મુદલ ખસવાનો નથી

થોડીવારે સુરસિંહે કહ્યું કે બહાદુરસિંહ જા ગામમાંથી ખાવાનું લઇ આવ તો ખાઇએ બહાદુરસિંહ ત્યાંથી ગામમાં ગયો ને ખાવાનું લઇને ઘણીવારે પાછો ફર્યો ને જુએ છે તો ન મલે ભાઈ કે ન મલે ભાઇનો ઘોડો કે ન મલે પોતાનો ઘોડો તેથી વિચાર્યું કે ભાઇ તો પેલી સ્ત્રી સાથે ભાગી ગયો હશે.

થોડીવારે રાજાને ખબર પડી કે કુંવરી કયાંક જતી રહી છે તેથી રાજાએ આખું ગામ શોધ્યું પણ મલી નહીં તેથી ચારે દિશાતરફ બબે સ્વારો દોડાવ્યા.

હવે આ વાડીમાં એક સિપાઇ શોધતો શોધતો બહાદુરસિંહ પાસે આવ્યો ને કહ્યું કે રાજાની કુંવરીને દીઠી છે.

બહાદુરસિંહ—મારો ભાઇ કોઇક સ્ત્રી સાથે ભાગી ગયોછે તે રાજાની કુંવરી હોયતો કહેવાય નહીં એમ કહી તેને કુંવરી બાબતની સર્વ બીના જાહેર કરી

સિપાઇ—તમારૂં નામ શું.

બહાદુરસિંહ—મારૂ નામ બહાદુરસિંહ,

સિપાઇ—બહાદુરસિંહ મારીસ.ચે દરબારમાં ચાલો ને રાજાજીને સર્વ હકીકત જાહેર કરજો.

બહાદુરસિંહ—ત્યારે ચાલો.

એમ કહી સિપાઇ સાથે દરબારમાં ગયો ને રાજા ને સર્વ હકીકત જાહેર કરી હવે રાજાએ બહાદુરસિંહ ની સર્વ હકીકત સાંભળીને બહાદુરસિંહને પોતાની પાશે રાખ્યો.

આ રાજા કોણ હતો તે તમે જાણતા નહીં હો. પણ આ રત્નપુરી નગરીનો રત્નસેન રાજા હતો ને જે સુરસિંહ સાથે જે સ્ત્રી નાસીગઇ હતી તે આ રાજાની કુંવરી ચંદન કુમારી હતી.

હવે ચંદ્રપુરી નગરીમાં ચંદ્રસિંહે પોતાના બે કુમારોની ઘણી તપાસ કરી પણ મળયા નહીં તેથી વીચાર્યું કે ભૂલાં પડ્યા હશે. નહીતો વાઘ વરૂ ખાઇ ગયા હશે એમ વારંવાર તેના મનમાં થતું ને આંખમાં વારંવાર આંસુડાં ભરાઇ જતાં હતાં ને તેને હવે કુંવરની આશા મુકી.

હવે બહાદુરસિંહ ઘણી વખત રત્નસિંહ ભેળો પાસેના જંગલમાં શિકાર ખેલવા જતો ને ત્યાં પોતાની હુશીયારી દેખાડતો ને રત્નસિંહ તેને પુત્ર સમાન ઉછેરવા લાગ્યો.

હવે એક દિવસ એક બ્રાહ્મણ નાળીએર લઇને રત્નસિંહ પાશે આવ્યો ને કહ્યું કે બહાદુરસિંહવેરે કર્ણપુરી નગરીના રાજા કર્ણસેનની છોકરી કળાવંતીનું નાળીએર તે આપ સ્વીકારો રત્નસિંહે સ્વીકાર્યું ને બ્રાહ્મણને અમુલ્ય શરપાવો ભેટ કીધા ને બ્રાહ્મણે કહ્યું કે એક વરષે લગ્નની તૈયારી કરજો ને બ્રાહ્મણ ત્યાંથી વદાઇ થયો.

એક વરસ પછી બહાદુરસિંહના મોટી ધામધુમથી

લગ્ન કર્યાં ને નગર જમાડયું. એક દિવસ બહાદુરસિંહે કલાવંતીને કહ્યું કે પ્રીયા આજ મારૂં મન ગાનતાનથી રંજન કરો.

કલાવંતી—ગાનતાન શાંભળવા હોયતો જયાને વિજયાને પરણો તે સંભળાવશે.

બહાદુરસિંહ—જયાને વિજયા કોણછે અને તે ક્યાં રહેછે.

કલાવંતી—જયાને, વિજયા એક કનકાવતી નગરીના રાજાની બે છોકરીછે અને તે કનકાવતીમાંજ રહેછે.

સુરસિંહથી આ મહેણું ન સંખાવાથી એકદમ ઢાલ તલવાર સજી ઘોડાઉપર બેસી ચાલતો થયો ને થોડે દહાડે કનકાવતી આવી પુગો.

હવે કનકાવતીમાં એક માલણને ત્યાં ઊતારો કીધો ને માલણને બે મહોરો આપી તેથી માલણ ખુશી ખુશી થઇ ગઇ. થોડીવારે બહાદુરસિંહે માલણને પુછયું કે આ ગામમાં જયાને વિજયા કોણછે.

માલણ—હા, એતો રાજાની છોકરીછે.

બહાદુરસિંહ—ક્યાં રહેછે.

માલણ—તમારે શું કામછે.

બહાદુરસિંહ—મારે તેનીસાથે લગ્ન કરવાંછે.

માલણ—તમે તેનીપાશે રૂમાલછે તેમાં લખેલુંછે તે વાંચી શકશો.

બહાદુરસિંહ—હા.

માલણ—ત્યારે તે રાજમંદીરમાં રહેછે ને કહોતો ચાલો ત્યાંસુધી મુકવા આવું.

બહાદુરસિંહ—ઠીક ત્યારે ચાલ.

હવે માલણ તથા બહાદુરસિંહ રાજમંદીરમાં આયા ત્યાં આપણા બહાદુરસિંહને ખુરશીઉપર બેસાડયો થોડીવારે દાશી રૂમાલ લઈને આવી ને બહાદુરસિંહના હાથમાં મુક્યો ને દાશીએ કહ્યું કે આ રૂમાલમાં શું લખેલુંછે તે વાંચો. બહાદુરસિંહે તે રૂમાલને શારીપેઠે તપાસ્યો પણ કંઇપણ વંચાય નહીં તેથી પાછો રૂમાલ દાશીને આપી દીધો ને માલણ બેઉ પાછા ઘરે ગયા.

હવે બહાદુરસિંહ માલણને ઘેરથી ઘોડાઉપર બેસી પાછો રત્નપુરી તરફ જવા નીકળ્યો રસ્તામાં વિચાર થવા લાગ્યો કે કામ સિદ્ધ કર્યાવિના પાછું તો ફરવું નહીં. વળી પાછો વિચાર આવ્યો કે આપઘાત કરીને મરણ પામું વળી પાછો વિચાર આવ્યો કે જીવશું તો કોઇક દિવસ પણ જયાને વિજયા પરણશું.

હવે ત્યાંથી ચાલ્યો જાયછે તે મોટા જંગલમાં નીકળી ગયો તેવામાં તેની નજરે એક મહાતપસ્વી જોગી પડયો તેથી વિચાર્યું કે આ જોગીનું મનરંજન કરૂં ને કામ સિદ્ધ થાયતો થાય કહેવાય નહીં. થોડી વારે જોગીપાશે આવી પુગો ને ઘોડેથી ઉતરી જોગીના પગ ચાંપવા મંડી ગયો એટલે જોગી તેના ઉપર રાજી થયો ને બહાદુરસિંહને કહ્યું કે બેટા માગ માગ જે ચહીએ તે માગલે.

બહાદુરસિંહ—વચન આપો.

જોગી જા વચનછે.

બહાદુરસિંહ—કનકાવતી નગરીના રાજાની છોકરી પાશે જે રૂમાલછે તેમાં શું લખ્યુંછે તે કહો.

જોગી—એમાં એટલું લખેલું છે કે જયાને વિજયા પરણે તે હમેશા સુખી રહે,

હવે બહાદુરસિંહ જોગીની રજા લઇને બીજે વેશ ગાલણને ત્યાં ઉતારો કીધો ને ને ત્યાંથી રાજમંદીરમાં ગયા એટલે અગાઉની માફક દાશી રૂમાલ લઇને આવી એટલે બહાદુરસિંહે હાથમાં રૂમાલ લઇને કહ્યું કે આમાં એટલું લખેલું છે કે જયાને વિજયા પરણે તે હમેશાં સુખી રહે એટલે જયાને વિજયાએ આવી ને બહાદુરસિંહને માળા આરોપી.

ત્યારપછી તે વાત પોતાના પીતાને જણાવ્યું ત્યારે કનકાવતી નગરીના રાજા કનકસેને સારૂં મહુર્ત જોઇને બહાદુરસિંહને પોતાની કુવરી જયાને વિજયાને પરણાવા દીધી ને આખા નગરમાં ઓચ્છવ મહોચ્છવ થઇ રહ્યો.

હવે એક દિવસને સમયે કનકાવતી નગરીનો રાજા કનકસેન સભા ભરીને બેઠાછે. ને પાશે બહાદુરસિંહ ન્યાય ચુકવેછે તેથી રાજા અત્યંત ખુશી થયો ને સર્વ સભાસદોને કહ્યું કે મારે એક પણ પુત્ર નથી તેથી આ મારૂં રાજ બહાદુરસિંહને શોપુંછું ને તેનો સૌ તમો હુકમ માનજો ને મારા વખતમાં જેમ વરતોછો તેમ બહાદુરસિંહના વખતમાં પણ વરતજો.

હવે આ નવા રાજાને સૌ નજરાણું આપવા આવ્યા તે ભેળો પોતાનો ભાઇ સુરસિંહ પણ હતો હવે આ બંને ભાઇઓ એકદમ મલી જવાથી ભેટી પડયા ને આખમાંથી હર્ષના આસું પડયા.

હવે બહાદુરસિંહે રત્નપુરી કાશદ મોકલ્યો ને એમ

કહેરાવ્યું કે મારો ભાઇ સુરસિંહ તથા ચંદન કુમારી અહીઆંછે કાશદે જઇને રત્નશેનને કહ્યું હવે રત્નસિંહે બંનેને રત્નપુર તેડી આવ્યો ને મોટી ધામધુમથી સુરસિંહવેરે ચંદનકુમારીના લગ્ન કર્યા ને રત્નસિંહે પોતાની રાજગાદી સુરસિંહને સોંપી.

હવે બંને ભાઇઓ પોતાના દેશ તરફ પાછા વળ્યા થોડા દિવશે પોતાના દેશમાં આવી પુગા. સગા સંબંધીને મળ્યા. માતા પિતાને મળ્યા અને બંને ભાઇઓએ અથથી તે ઇતી સુધી સર્વ હકીકત કહી સંભળાવી.

થોડા મહીના પછી ચંદ્રસિંહ મરણ પામ્યો ને તેની સ્ત્રી ચંદ્રાવતી સતી થઇ પોતાના મુઆથી બંને ભાંઇઓની આખોમાંથી શાવણને ભાદરવો છુટી પડયાં પોતાના પીતાનો ત્યાર પછી થોડા દિવશે રાજવંશી રીત પ્રમાણે દહાડો પાણી કાધો.

હવે જે પ્રભાવતી સુરસિંહ તથા બહાદુરસિંહની બહેન હતી તેને એક પોતાના બરોબરીઆ રાજાના કુંવરવેરે પરણાવી દીધી. હવે આ બંનેભાઇઓ પોતાનુ રાજ સુખેથી પાળતા હતા ને અદલ ઇનસાફ કરતા હતા તેથી તેના વખતમાં પ્રજાએ તેને ઘણીજ આશીશ દીધી.

ચંદ્રસેન ચતુરાવંતી

પૂર્વે એક સુંદર અને શુશોભિત ચંદ્રપુર નામે નગર હતું આ શહેરના રક્ષણને માટે શહેરને ફરતો કિલ્લો બાધેલો હતો ને ત્યાં ચંદ્રસેન રાજા રાજ કરતો હતો.

આ રાજાને ચતુરાવંતી નામે રાણી હતી તે પતિવ્રતા હતી આ રાજાને હજી સંતાનનું સુખ પ્રાપ્ત થયું નહોતું આ રાજા ધર્મી હતો તેથી સવારનાપહોરમાં ઉઠી નાહી ધોઇ મહાદેવની પુજા કરી યથાશક્તિ દાનપુન કરતો ત્યારપછી કચેરીમાં જતો ને ત્યાં અદલઇનસાફ કરતો ને ત્યારપછી ભોજન કરતો એવો નિયમ હતો.

હવે એકદિવસ એક ચિત્તે માહાદેવની પુજા કરે છે તેથી મહાદેવ તેનાઉપર પ્રસંન થયા ને રાજાને કહ્યું કે માગ માગ જે માગે તે આપું

રાજા–વચન આપો.

માહાદેવ–જા વચન છે.

રાજા–હું એટલું માગું છું કે મને એક પણ પુત્ર નથી તે આપો.

માહાદેવ––તારા નશીબમાં પુત્ર નથી તે કયાંથી આપું.

રાજા–ત્યારે ના કહો.

માહાદેવ–તારા નશીબમાં પૂત્ર નથી પણ દેવળની પછવાડે જે તળાવ છે તેમાં એક નાગ રહેછે તેને એવું વરદાન છે કે જે એ નાગને મારે તેને પેટે પુત્રપણે અવતરે.

રાજા–તે કયારે બહાર નીકળશે.

માહાદેવ–તે રાત્રે બાર વાગાને સમયે ચારો કરવા નીકળે છેત્યારે તું મારીશ તો તારી રાણીનેપેટે પુત્રપણે અવતારશે

હવે રાજા વરદાન લઇને રાણીને મહેલે આવ્યો ત્યં

રાણીને સર્વ હકીકત કહી તેથી રાણી ખુશી થઈ, ને પોતે પણ આખો દિવસ ખુશાલીમાં રહ્યો.

હવે રાત પડી પણ રાજાને નિંદ્રા આવે નહીં જ્યારે અગીયારના ટકોરા થયા કે રાજા ઉઠી ઢાલ તલવાર બાંધી સજ થયો ને ત્યાંથી માહાદેવના મંદીર તરફ ચાલ્યો.

થોડીવારે માહાદેવના દેવળ આગળ આવી પુગ્યો ને એક ઝાડની ઓથે સંતાઇ રહ્યો થોડીવારમાં નાગ ચારો કરવા નીકળ્યો એટલે રાજાએ મ્યાનમાંથી તરવાર ખેંચી શરપ (નાગ)ના ટુકડે ટુકડા કરી નાખ્યાં ને મહેલ તરફ પાછો વળ્યો.

થોડીવારે રાજાએ એક સ્ત્રીના હાથમાં ઢાલ તથા કટાર હતી અને તે સ્ત્રીએ કછોટ વાળેલી હતી એવા રીતે એક સ્ત્રીને જાતી દીઠી તેથી રાજા પણ તેની ચર્ચા જોવાને તેની વાંસે વાંસે ચાલ્યો પણ સ્ત્રીને ખબર નથી.

આ સ્ત્રી દરવાજાઆગળ આવી ને ત્યાંથી થોડે છેટે એક નાળું હતું તેમાંથી તે બહાર આવી હવે ને ગામ બહાર એક નદી હતી તે નદી ઉતરીને તે સ્ત્રી આગળ ચાલી.

થોડી વારમાં એક મોટો મહા વિકાળ વાઘ તેની નજરે પડયો તેથી જરા ડરી પણ પાછી હિંમત લાવીને આગળ ચાલીને વાઘને મારવા જાય છે કે તરત વાઘ એકદમ ઉઠીને તે સ્ત્રીઉપર કુદ્યો એટલે સ્ત્રીએ વાઘઉપર પંજો ઝીલી લઇને તેના પેટમાં કટાર ખોસી

દીધી એટલે વાઘ એક મોટી ભયંકર ચીસ પાડીને નીચે પડયો.

હવે વાઘથી થોડે દુર વાઘણ પણ આવતી હતી તેણે પોતાના ધણીની ચીસ સાંભળી એટલે એકદમ ધશી આવી ને તે સ્ત્રીઉપર કુદી એટલે તરત ઢાલઉપર પંજો ઝીલીને પેટમાં કટાર ખોંશી દીધી તેથી વાઘણ પણ ભયંકર ચીસ પાડીને નીચે પડી તેની ચીસથી આખું જંગલ ગાજી રહ્યું.

હવે તે સ્ત્રી આગળ ચાલી ને તેની પાસે જે કટાર હતી તે કછોટમાં સંતાડી દીધી ને આગળ ચાલી એટલામાં બે ચોરોએ આ સ્ત્રીને આવતી દીઠી એટલે ચોરો એક ઝાડીમાં છુપાઇ ગયા થોડીવારે સ્ત્રીને આ બંને ચોરોએ જાતી દીઠી એટલે તરત નાગી તરવારે તે સ્ત્રીની સામે આવી ઉભા રહ્યા ને કહ્યું કે તારૂં લૂગડું ઘરેણું સરવે ઉતાર નહીંતો આ તરવારથી તારૂં માથું ધડથી જુદું થશે. ત્યારે તે સ્ત્રીએ ઘરેણું લૂગડું સરવે ઉતારી આપ્યું પણ કછોટ રાખી.

ચોરો—આ કછોટ કોને સારૂ રાખી છે તે પણ ઉતારી આપ.

સ્ત્રી—હું સ્ત્રી જાત છું તેથી તમો પુઠ ફ્રીને ઉભા રહો એટલે ઉતારી આપું.

ચોરો પુઠ ફ્રીને ઉભા રહ્યા એટલે સ્ત્રીએ કટારવતી બંનેનાં માથાં ઉડાવી નાખ્યાં ને સર્વે ઘરેણું તથા લૂગડું પહેરીને આગળ ચાલી ને નદીપાસે આવી પુગી મઢીનાં બારણાં બંધ હતાં તેથી સ્ત્રીએ સાંકળ ઠોકી

એટલે અંદરથી બાવો બોલ્યો કે કોન હે ત્યારે સ્ત્રી કહે એ તો હું છું.

બાવો—કયું બે રંડી ઇતની દેર કહાં લગી.

સ્ત્રી—મારો ધણી જાગતો હતો તેથી વાર લાગી.

(બાવાએ મઠી ઉઘાડી એટલે તે સ્ત્રી દાખલ થઇ)

બાવો—જા અભી જળ ભરકે લા.

હવે આ સ્ત્રી પાણી ભરવા ગઇ એટલે રાજાએ જોગીનો ઘડો લાડવો કરી નાંખ્યો ને ઝાડઉપર ચડી બેઠો થોડીવારે આ સ્ત્રી પાણી ભરીને આવી ને જોગીને કહ્યું કે પાણી લાવી પણ જોગી બોલે નહીં ત્યારે સ્ત્રીએ જોયું તો જોગીને કોઇકે મારેલો દીઠો આથી આ સ્ત્રીની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં.

આ સ્ત્રી કોણ હતી તે જાણતા નહીહો પણ માણેકચંદશેઠની સ્ત્રી મોતી હતીથોડીવારે મોતીએ વીચાર્યું કે વખત ઘણો થયો છે ને મોડું થશે તો પુરી ફજેતી.

હવે તે સ્ત્રી પાછી પોતાના ઘરતરફ વળી ને ઘરે આવી સૂઇ રહી ને રાજા પણ તેના ઘરનું એંધાણ રાખી પોતાના મહેલે આવી સુઇ રહ્યા.

હવે રાજા સવારમાં ઉઠી નાહી ધોઇ માહાદેવની પુજા કરીને ત્યારપછી કચેરીમાં ગયો ને ત્યાં સર્વ ન્યાય ચુકવ્યા પછી ચોપદારને કહ્યુ કે બોલાવ સિપાઇને ચોપદાર જીસાહેબ કરી ચાલતો થયો ને સિપાઇને બોલાવી લાવ્યો. સિપાઇ સલામ કરી ઉભો રહ્યો.

રાજા-સિપાઇ વાણીઆ શેરીમાં એક ઘર છે તે ઘરની આગળ બે ખજુરીનાં ઝાડ છે ત્યાં જઇ કહે કે શેઠાણી, તમને કચેરીમાં બોલાવે છે.

સિપાઇ જી સાહેબ ફરી ચાલતો થયો ને ઘર શોધતો શોધતો માણેકચંદને ઘેર આવ્યો ને કહે શેઠાણી તમને કચેરીમાં બોલાવે છે.

(શેઠાણી સભામાં આવીને ઉભી રહી)

રાજા—શેઠાણી ગઇ રાતનાં તમે કયાં જતાં હતાં તે બીના કહો.

(માણેકચંદ ચુપ થઇને સાંભળે છે)

શેઠાણી શરમાઇ ઉભી રહી, રાજાનો ક્રોધ એકદમ વધી ગયો તેથી વજીરને હુકમ કીધો કે જાઓ આ શેઠાણીને બાંધી નાક કાન કાપી ગામમાં ફેરવી ગામ બહાર અડધી દાટી લોકો પાસે પથરાનો વરસાદ વરસાવી ને તેને મારી નાંખો ને તેની લાશને શમશાનમાં લઇ જઇને દાટી ધો.

(માણેકચંદ મોટે સાદે રડેછે)

રાજા-સિપાઇ આ માણેકચંદ શેઠ શા વાસ્તે રડેછે પુછી જો.

માણેકચંદ-(રડતાં રડતાં) ઓય બાપડી આરે મારું તો ઘર ભાંગી ગયું.

રાજા-સિપાઈ માણેકચંદ શેઠને છાનો રાખ.

સિપાઈએ માણેકચંદ શેઠને ધીરો પાડયો હવે આ મોતીને રાજાના હુકમ પ્રમાણે નાક કાન કાપી ગધેડે બેસાડી ગામમાં ફેરવી ગામબહાર લઇ ગયા ત્યાં મોતીને અડધી ભોંયમાં દાટી લોકો પાસે પથરાનો વરસાદ વરસાવી મારી નાંખી ને તેની લાશ શમશાનમાં દાટી દીધી ને થોડા દહાડા પછી માણેકચંદને નવી સ્ત્રી પરણાવી.

હવે નવમે મહિને રાણીને એક પુત્ર અવતર્યો જ્યારે રાણીએ પુત્રને જન્મ આપ્યો એટલે તરત એક દાશી દરબારમાં વધાઇ દેવાને દોડી ગઇ કચેરીમાં આવી પુત્રની વધાઇ આપી એટલે સર્વ સભાસદો ખુશી થયા ને રાજા પણ અત્યંત ખુશી થયો ને દાશીને અમુલ્ય શરપાવ ભેટ કીધી.

દાશીના ગયા પછી રાજાએ જોશીને બોલાવી કુંવરનું જોશ જોવરાવ્યું જન્મપત્રિકા કરાવીને તેનું નામ જયસિંહ કરીને પાડયું ગામમાં સર્વે નિશાળોમાં છુટી અપાવી શાકર વેંચાવી એવી રીતે આખા ગામમાં ઓચ્છવ મહોચ્છવ થઇ રહ્યો.

જયસિંહ પાંચ વરષનો થયો ત્યારે એક ગુરૂઆગળ ભણવા મુકયો ત્યાં સોળમે વરસે ભણીને હુશીઆર થયો એટલે કનકાવતી નગરીના રાજા કર્ણસિહની છોકરી ચંદ્રપ્રભાવેર નાળીએર મોકલ્યું તે કર્ણસિંહે સ્વીકાર્યું એક વરષ પછી મોટી ધામધુમથી જયસિંહનાં ચંદ્રપ્રભાવેરે લગ્ન કર્યાં ને આખું નગર જમાડયું,

થોડા દિવસપછી જયસિંહનો પીતા ચંદ્રસિંહ મરણ પામ્યો ને જયસિંહની માતુશ્રી ચતુરાવંતી સતી થઇ આથી જયસિંહની એક આંખમાંથી શ્રાવણ ને બીજી આંખમાંથી ભાદરવો છુટી પડયાં રાજવંશી રીત પ્રમાણે કાડો પાણી કીધો

થોડા દિવસ પછી ચંદ્રપ્રભા પોતાના પીઅર આણે રહેવા ગઇ હવે જયસિંહ એકલો સુખમાં દિવસ નિરગમન કરેછે તેવામાં તેને એક દિવસ સ્ત્રી સાંભરી આવી (કહેવત છે કે સુખે સાંભળે સ્ત્રી ને દુખે સાંભળે મા ને

બાપ) આ પ્રમાણે જયસિંહને પોતાની સ્ત્રી સાંભળી આવી.

લલીતછંદ

અરરર હાયરે, પ્રાણ જાયરે. પ્રિયા વિના અરે,
દુ:ખી થાઉં રે;
કયારે આવશે, જીવ જાયરે, પ્રિયાને મળે,
કયારે હાય રે. ૧
આવ જલદી તું, પ્રિયા મારીરે, તુજવિના હવે,
જીવ જાયરે;
શું કરૂં હવે, પ્રાણ જાયરે, પ્રિયા વિના અરે,
હાય હાયરે. ૨
પ્રિયા તું મને, પ્રાણથી અધીક, તુજ વિના હવે,
ન ખમાય રે;
જલદી આવરે, પ્રાણ જાયરે, તુજ વિના ઘડી,
વર્ષ થાયરે. ૩
જીવ તલપે છે, માહરો અરે, જલદી આવ તું,
પ્રિયા મારી રે;
કર્મ ફુટીયું, માહરૂં અરે, પ્રિયા વિના અરે,
હાય હાય રે. ૪

એટલું બોલી જયસિંહની આંખોમાંથી દડદડ આંસુ પડવા માંડયાં પણ વિચાર્યું કે દુખના બે દિવસ કાલે વહી જાશે.

થોડા દિવસપછી ચંદ્રપ્રભા આવી હવે જયસિંહ તથા ચંદ્રપ્રભા સુખમાં દિવસ નિર્ગમન કરે છે એક દીવસને સમયે ચંદ્રપ્રભા ગોખમાં બેઠીછે તેવામાં તેની નજર એક વટેમાર્ગુપર પડી ને તેનાઉપર મોહીત થઇ

તેથી દાશીને કહ્યું કે જા પેલા વટેમાર્ગુને ઉપર તેડી લાવ નહીં તો મારો જીવ જાશે દાશી એકદમ દોડી ને વટેમાર્ગુને ઉપર તેડી લાંવી.

હવે આ દરરોજ બંને જણા મોજ મઝા કરેછે હવે એક દિવસને સમયે ચંદ્રપ્રભાને વિચાર આવ્યો. કે વચમાંથી શાક્ષ કાઢી નાખુ નહીં તો મારી પૂરી ફજેતી કરશે તેવામાં જયસિહ આવ્યો ને પોતાની સ્ત્રીને વિચારમાં પડેલી જોઇ તેથી

જયસિંહ——કેમ પ્રિયા આજ શા વિચારમાં પડીછે

ચંદ્રપ્રભા—આપ બાપ કમાઇ ખાઓછો તેથી તમારી નામના નહી વધે પણ જયારે આપ કમાઇ ખાશો ત્યારે સૌકો શાબાશ કહેશે.

સવાર પડી એટલે જયસિંહ ઉઠયો નાહી ધોઇ કચેરીમાં ગયો ત્યાં તેના મનને જરા અસર લાગી તેથી પ્રધાનને રાજ સોંપી ગહેરે આવ્યો ત્યાં ચંદ્રપ્રભાને સર્વ હકીકત કહી તેથી ચંદ્રપ્રભા મનમાં ખુશી થઇ ગઇ હવે રાત પડી એટલે જયસિંહ સુઇ રહ્યો. સવારે જયસિંહ ઉઠી નાહી ધોહી વસ્ત્ર પહેરી ઘેડે બેઠો એટલે ચંદ્રપ્રભા રડી પડી ને કહ્યું કે મેતો ખોટું કહ્યું છે ને હું તમને જવા નહિ દઉં.

જયસિંહ--હું રજપુત બચ્ચો જે બહાર ગામ જવા નીકળ્યો તે પાછો કેમ રહું.

ચંદ્રપ્રભા—ત્યારે તમે પાછા કયારે આવશો. તે કહેતા જાવો .

જયસિંહ—હું પાછો ચાર વરશે આવીશ.

ચંદ્રપ્રભા—એટલા વરષ તો મારાથી કેમ રહેવાશે.

જયસિંહ—ત્યારે હું ત્રણ વરશે આવીશ.

ચંદ્રપ્રભા—ઠીક પણ ત્રણ વરસ તે માથે એક દીવસ થશે તો હું બળી મરીશ ને તેની હત્યા તમને લાગશે જયસિંહ ત્રણ વરશનો વાયદો કરીને ચાલતો થયો કોટસુધી ગામ આખું વળાવવા આવ્યું હવે જયસિંહ એકલો આગલ ચાલ્યો થોડે છેટે ગયો એટલે રસ્તામાં સારા શુકન થવા લાગ્યા. તેથી જયસિંહે વિચાર્યું કે મારૂં કામ ફતેહ થશે એવું ધારી તે આગલ ચાલ્યો. પાંચમે દિવશે એક નગર આવ્યું ત્યાં દરવાનને પુછયું કે આ કઇ નગરીછે ને કોણ રાજા રાજ કરેછે.

દરવાન—આ ચંપાપુરી નામે નગર છે ને ચંપકસેન રાજા રાજ કરેછે. હવે જયસિંહ ત્યાંથી આગળ ચાલ્યો ને એક માલણને ત્યાં ઉતારો કીધો. ને માલણને પાંચ મોહોરો આપી તેથી માલણ ખુશી થઇ. થોડીવારે એક ઢેડડાંડી વગાડતો વગાડતો માલણના ઘર આગળ આવ્યો. ને કહ્યું કે જે કોઇ આ ગામની દક્ષીણ દિશાએ એક માહાદેવનું દેહરૂંછે તેમાં એક પરી નાચવા આવેછે તેનો જે કોઇપણ તાજ ઉતારી લઇ આવશે તેને રાજા પોતાની કુંવરી, વિમળા પરણાવશે. જયસિંહ માલણને કહે દેહરૂં કેટલુંક છેટું છે.

માલણ—ઘણુંજ છેટુંછે ને ત્યાં વાઘ વરૂની બીક ઘણી લાગેછે તેથી કોઇની હિંમત ચાલતી નથી પણ પછી જેવી આપણી મરજી અમેતો કહી છુટીએછે

બીજે દિવશે જયસિંહ ઉઠી ઢાલ તરવાર સજી ઘોડ સ્વાર થઇ દક્ષીણ દિશા તરફ પોતાનો ઘોડો દોડાવી મુકયો. થોડે છેટે ગયો એટલામાં તો એક બાજુ

વાઘ બરાડા પાડે એક બાજુ સિંહ ગર્જના કરી રહ્યા છે એવા અઘોર જંગલમાં જયસિંહ એકલો આગલ ચાલ્યો જાયછે કાયરનર હોયતો ત્યાંજ મરી જાય. હવે જયસિંહ ત્રીજે દિવસે મહાદેવના દેવળ આગળ આવી પુગો ત્યાંથી ફળ ફુલ લાવી ખાધાં એટલા માં તો રાત પડી એટલે એક ખુણામાં સતાઇ રહ્યો.

થોડી રાત ગઇ એટલે પરી આવી ને નાચવા માંડી એટલે એકદમ જયસિંહ પરી તરફ દોડયો એટલે પરી ઉડવા જાયછે એટલે જયસિંહે તેના માથા ઉપરનો તાજ ઉતારી લીધો હવે જયસિંહ તાજ લઇ રસ્તે પડયો ને ત્રીજે દિવશે પાછો ચંપાપુરી આવ્યો ને તેજ માલણને ત્યાંજ ઉતારો કીધો ને માલણને સર્વ હકીકત જાહેર કરી.

સવાર પડી એટલે જયસિંહ નાહી ધોહી સારા કપડાં પહેરી દરબારમાં જવા નીકળ્યો રાજા કચેરી ભરી ને બેઠાછે એટલે જયસિંહે આવી સલામ કરીને સર્વના દેખતાં તાજ રાજાને આપ્યો ને સર્વબીના જાહેર કરી એટલે રાજાએ તાજ કુંવરીને મોકલાવી દીધો એટલે કુંવરીએ આવી જયસિંહને વરમાળા આરોપી. એટલે ચંપકસેન રાજાએ મોટા ધામધુમથી જયસિંહવેરે પોતાની કુંવરી વિમળાના લગ્ન કીધા ને કન્યાદાનમાં હાથી રથ ઘોડા વગેરે આપ્યું. થોડા મહિના વિત્યા બાદ વિમળા એ જયસિંહ ને પુછ્યું કે પ્રાણનાથ આપ નાની વયમાં દેશાટન કેમ નીકળ્યા તે મને કહો, ત્યારે જયસિંહે સર્વ વાત કરી. વિમળા કહે એને તો તમને આ ચરીત્ર કરીને ભમાવ્યાછે

ને તેને પરપુરૂષ સાથે સ્નેહ હોય એવું લાગેછે કહો તો તમને દેખાડું બીજે દિવસે વિમળા પોતાના પીતાની રજા લઇને ચંદ્રપુર તરફ રવાના થયા પાંચમે દિવશે ચંદ્રપુર આવ્યા ત્યાં એક ધરમશાળામાં ઉતારો કીધો.

રાતના બાર વાગાનો સમય થયો એટલે જયસિંહ તથા વિમળા ઉઠી લુગડા પહેરીને પોતાના મહેલ તરફ ચાલ્યા મહેલ આગળ આવીને જુએછે તો ઝાક ઝમાલ દીઠું તેથી વિમળા તથા જયસિંહ ઉપર ચડયા ને જુએછે તો કોઇક પુરૂષને ચંદ્રપ્રભાના મહેલમાં દીઠો તેથી જયસિંહને એકદમ ક્રોધ ચઢી ગયો પણ વિમળાએ શાંત પાડયો ને પેલા વટેમાર્ગુનું માથું કાપી પાછા ધરમ શાળામાં આવી સુઇ રહ્યા.

થોડીરાત બાકી હતી તેવામાં ચંદ્રપ્રભા જાગી ઉઠી ને જુએછે તો કોઇ કે તેને મારેલો દીઠો તેથી ઉઠીને જોયું તો સવાર પડવામાં હજી થોડી કલાક બાકીછે તેથી તેણીએ ચોર ચોર કરીને બારીએથી વટેમર્ગુને ફેંકી દીધો એટલે સિપાઇએ આવી તેના ઉપર ઘામાર્યાં ને સવારના પહોરમાંજ ઢેડાપાશે ઉપડાવીને દટાવી દીધી.

થોડો દિવસ ઉગ્યો એટલે વિમળા અને જયસિંહ ગામમાં આવ્યાની વધામણી આખા ગામમાં પહોંચી ગઈ તેથી સૌ લોકો ખુશી થયા થોડીવારે જયસિંહ તથા વિમળા મહેલમાં આવ્યા તેથી ચંદ્રપ્રભાને વિચાર આવ્યો કે જયસિંહે તો રાતના નહીં મારી નાખ્યો હોય પુછું તો ખબર પડશે.

ચંદ્રપ્રભા—તમે ક્યારે આવ્યા.

જયસિંહ—હજી તો હમણાજ ચાલ્યા આવીએછીએ.

વિમળા (જયસિંહના કાનમાં હળવેથી કહેછે) જેવું કેવું આ ચરીત્ર કરીને પુછે છે.

હવે જયસિંહ નાહી ધોઈ સારા લુગડાં પહેરી કચેરીમાં ગયો ને પોતાનું રાજ પાછું સંભાળ્યું. ને ત્યાં ન્યાય ચુકવ્યા બાદ વજીરને કહ્યું કે જાઓ એક ગધેડો લાવી તે ઉપર ચન્દ્રપ્રભાને બેસાડી નાક કાન કાપી ચોટલો મુંડી ગામમાં ફેરવીને ગામ બહાર કાઢી મેલો, ને પાછી ગામમાં આવવાં દેતા નહીં.

વજીરે રાજાના હુકમ પ્રમાણે ચંદ્રપ્રભાને ગધેડે બેસાડી નાક કાન કાપી ચોટલો મુંડી ગામ બહાર કાઢી મેલી. પાછી ગામમાં બીલકુલ આવવા દીધી નહી.

હવે જયસિંહ તથા વિમળા સુખમાં દિવસ ગુજારવા લાગ્યા ને રાજ સુખેથી પાળવા લાગ્યા. ને જયસિંહને એક પુત્ર તથા એક પુત્રી થઇ.

અભયસિંહ ઇચ્છનકુમારી.

પૂર્વે એક સુંદર અને શુશેભીત ઝાડોની ઘટા વાળું જોધપુર નામે નગર હતું આ ગામમાં પ્રતાપસિંહ નામે રાજા રાજ કરતો હતો આ રાજાને એક રાણી હતી તેનું નામ વિરમતી હતું તે શિયલ વ્રતવાળી હતી આ રાજાને એક પુત્ર હતો તેનુ નામ અભયસિંહ હતું તે નાનપણથી મજબુત બાંધાનો હતો અભયસિંહને પાંચમે વરસે ભણવા મુકયો જ્યારે અભયસિંહ ભણી ને હુશીઆર થયો ત્યારે પોતાના બરોબરી આ એક રત્નપુરી નગરીના રાજા પુષ્પસેનની છોકરી ઈચ્છનકુ-

મારી વેરે વિવિશાળ કર્યું ને નગરમાં શાકર વેંચી આ પ્રદ્યુમનકુમારી સદગુણ, ને શિયળ વ્રતવાળી હતી તેમ તે ભણેલી અને ચતુર હતી

થોડા મહિના પછી પ્રતાપસિંહે નવી સ્ત્રી કરી તેનું નામ કમળાવંતી હતું તેને ગર્ભ રહ્યો થોડા મહિના પછી પુત્ર અવતર્યો તેનું નામ કુરસિંહ કરીને રાખ્યું એક દિવસ અભયસિંહ કંઇ કામસર કમળાવંતીને મહેલે ગયો તેવામાં અભયસિંહને દીઠો પોડીવારે કમળાવંતીએ વિચાર્યું કે અભયસિંહ મોટો થયો છે તેથી અભયસિંહજ ગાદીએ બેશશે પણ મારો પુત્ર ગાદીએ નહિં બેસે માટે હમણાંજ દેશવટો દઇદઉં એટલે પછી મારો કુંવર ગાદીએ બેસશે થોડીવાર રહીને કમળાવંતી બોલી અલ્યા અભયસિંહ તને તો તારા પિતાએ દેશવટો દીધો હતો

અભયસિંહ—કયારે

કમળાવંતી—કયારે તે કયારે આજેજ, તારા પીતા કહેતા હતા. જે અભયસિંહને આજે આપણે દેશવટો દીધો છે શરમ હશે તો ચાલ્યો જશે એમ તારા પિતા કહેતા હતા.

અભયસિંહ—મને દેશવટો દીધો તે હજી મને ખબર નથી.

કમળાવંતી—તને જાવું પડે તેથી ખબર શું કામ પડે જા જા તે આપણા ક્ષત્રી જાતનું નામ બોળ્યું હજી પણ તું ટેકાલો હશ તો આ ગામમાં પાણી પીવા પણ ઉભો નહીં રહીશ.

અભયસિંહ ત્યાંથી એકદમ નીચે ઉતર્યો ને વિચાર્યું કે ખોટું તો નહીં. બોલતી હોય વળી પાછો વિચાર આવ્યો કે નવી માજી જુઠું બોલે એવું મને બીલકુલ લાગતું નથી પણ પછી તો પરમેશ્વર જાણે.

હવે અભયસિંહ ઘોડા ઉપર બેશી ઢાલ તરવાર લઇ ને ચાલતો થયો થોડીવારે રાજાને ખબર પડી કે અભયસિંહ તો દેશવટે ગયો તેથી એકદમ ઘોડા દોડાવ્યા ઘોડેસ્વારો રજા લઇ ને એકદમ ઘોડાને હાંકી મુક્યા

થોડી વારે અભયસિંહે પાછું ફરીને જોયું પોતાની તરફ બે ઘોડેસ્વારોને આવતા જોયા એટલે અભયસિંહે પોતાનો ઘોડો ઉભો રાખ્યો થોડી વારે બંને ઘોડેસ્વારે અભયસિંહ પાસે આવી પહોચ્યા ને કહેવા લાગ્યા કે તમને રાજાજી બોલાવે છે તમારી નવી માજીએ તમને ઝેરથી દેશવટો દીધો છે માટે તમો પાછા ચાલો રાજાએ પાણી પીવાનું નીયમ લીધું છે તમે આવશો તોજ પાણી પીશે નહીંતર મરણ પામશે તો તેનું પાપ તમારે શીર પડશે.

અભયસિંહ—તમે જુઠું બોલોછો મારી નવી માતાજીએ મને દેશવટો દીધોછે તે શું જુઠું બોલે, નહિ નહિં કદી નહિં બોલે ને હું જે દેશવટે નાકળ્યો તે શું પાછો ફરૂં જો હું પાછો ફરૂં તો મારી જનેતા લાજે ને મારા ક્ષત્રીકુળને એબ લાગે હું કદી પાછો ફરવાનો નથી

થોડીવારે વળી પ્રતાપસિંહે એક એક ઘોડો દોડાવ્યો થોડીવારમાં એક સ્વાર પણ અભયસિંહ આગળ આવી પુગો ને હાથ જોડીને કહેવા લાગ્યો કે તમે પાછા

આલે કારણે જે તમારા પીતાજીએ એવું નિયમ લીધું છે કે જયારે હું અભયસિંહનું મુખાર્વિંદ જોઈશ ત્યારેજ હું પાણી પીશ નહીંતો મારે આ ગામનં પાણી પીવું હરામ છે એવું તમારા પીતાજીએ નીયમ લીધુંછે જો તમો આવશો તોજ તમારા પીતાજી જીવશે નહિંતર મરણ પામશે તો તેનું પાપ તમારે શીર લાગશે.

અભયસિંહ કહે હું પાછો આવીશ પણ પાછો જતો રહીશ હવે સિપાઇઓએ મનમાં વિચાર્યું કે જો હમણા આવશે તો રાજાજી તો જીવશે પણ પછીની વાત પછી

હવે અભયસિંહ તથા ત્રણે સ્વારો પાછા ફર્યા થોડી વારે એક સ્વાર રાજાને ખબર કરવાને એકદમ દોડયો થોડીવારે તે સ્વાર રાજા પાસે આવી પુગ્યો ને સર્વ હકીકત જાહેર કરી તેથી રાજા ખુશી થયો ને ખબર લાવનાર ઘોડેસ્વારને પાઘડી બાંધી રાજી કર્યો.

થોડીવારે અભયસિંહ તથા બંને ઘોડેસ્વારો રાજા કને આવી પુગા પિતા પુત્ર મળ્યા એટલે બેઉની આંખોમાં હર્ષનાં આંસુ ભરાઇ આવ્યાં.

પ્રતાપસિંહ—પુત્ર અભયસિંહ તને કોણે દેશવટો દીધો તે કહે.

અભયસિંહ પિતાજી મારી નવી માજીએ કહ્યું કે તારા પીતાએ તને દેશવટો આપ્યો છે તેથી હું દેશવટે નીકળ્યો તેવામાં તમારા મોકલેલા સિપાઇએ આંવી કહ્યું કે રાજાજી બોલાવેછે તેથી હું પાછો આવ્યો.

પ્રતાપસિંહ—પુત્ર અભયસિંહ તું ખરૂં કહેછે!

અભયસિંહ—પીતાજી હું ખરૂં કહુંછું ને જો તમને ખાત્રી ન આવતી હોય તો ચાલો મારી નવી માજીને મોહેડે કરાવું.

પ્રતાપસિંહ—ચાલ (મનમાં ખરા ખોટાની તો ખબર પડશે)

હવે અભયસિંહ તથા પ્રતાપસિંહ નવી રાણીના મહેલ તરફ વળ્યા હવે કમળાવંતી ગોખમાં બેઠી હતી તેને આ બંનેને આવતાં જોયાં એટલે વિચારમાં પડી કે ધણીને જુઠો પાડું કે અભયસિંહને જો ધણીને જુઠો પાડું તો રોષે ભરાઇ ને મને કાઢી મેલે માટે અભયસિંહનેજ જુઠો પાડું એટલે એના પિતા પણ એને વઢશે. હવે અભયસિંહ તથા પ્રતાપસિંહ કમળાવંતી આગળ આવી પુગા.

અભયસિંહ—માજી તમે મને એમ કહ્યું નહતું કે તારા પિતાએ તને દેશ વટો દીધો છે.

કમળાવંતી—મેં તને ક્યારે કહ્યું ?

અભયસિંહ—હું જ્યારે મહેલમાં આવ્યો ત્યારે નહોતું કહ્યું ? જુઠું શા વાશતે બોલોછો.

કમળાવંતી— એકદમ)તું જુઠું બોલેછે કે હું બોલુંછું

પ્રતાપસિંહ—તું જુઠું બોલેછે અગર અભયસિંહને દેશવટે જવાનું કારણ શું.

કમળાવંતી—(રડતાં રડતાં) પ્રાણનાથ જો મેં દેશ વટે જાવાનું કહ્યું હોય તો કહો, તેવા શોગન ખાઊં.

અભયસિંહ—પીતાજી હું જુઠું બોલુંછું પણ હવે મને રજા આપો એટલે હું મારો રસ્તો લઊં.

પ્રતાપસિંહ-જા, તને કોણ ના પાડેછે.

હવે અભયસિંહ ત્યાંથી એકદમ નીચે ઉતર્યો ને પોતાની માની પાસે રજા લેવાને આવ્યો.

અભયસિંહ–માજી મને દેશવટે જાવાની રજા આપો

વિરમતી–પુત્ર તને કોને કહ્યું.

અભયસિંહ–મારા પિતાજીએ.

એટલે વિરમતી મુર્છા ખાઇને નીચે પડી, થોડીવારે ભાન આવ્યું ને કહ્યું કે મારા પ્યારા પુત્ર અભયસિંહ તારા વિના મારો દિવસ કેમ જાશે તને રજા આપવાને મારો જીભ ઉપડતી નથી.

અભયસિંહ કહે માજી તમે ચીંતા નહીં કરો, કરમમાં લખ્યું હશે તે થાશે અન્યકઇ પણ થાવાનું નથી ને જીવીશું તો પાછા આવીશું ને તમે મને રજા આપો. વિરમતીએ રડતાં રડતાં રજા આપી ને કહ્યું જે પ્યારા પુત્ર વહેલા આવજે. અભયસિંહ પોતાની માની રજા લઇને પોતાને રસ્તે પડયો એટલે વિરમતી મહેલમાં વિલાપ કરવા લાગી.

(વૈદરભી વનમાં વલવલે અંધારી એ રાગ.)

પુત્ર તું મારોરે કયાં ગયો, મને મુકીને આજ;
હું તે જીવીશ શી રીતે, તુ છે એકજ બાલ;
પુત્ર તું મારોરે કયાં ગયો? ૧

હવે તે હું શું કરૂં, મારૂં ગયુંરે રતન;
તુજવિના હવે નથી, કશા ઉપર મન;
પુત્ર તું મારોરે કયાં ગયો. ૨

બહુછેરે જંગલ બીહામણા, અંધારી ઘોર રાત;
સંભાલ કોણ લેશે તાહરી, નથી કોઇરે શાથ;
પુત્ર તું મારોરે કયાં ગયો. ૩

વાઘવરૂ ને વાંદરાં, હશે ઝાઢી અઘોર;
રસ્તો તને કેમ સુઝશે, નહીં પડેરે ચેન;
પુત્ર તું મારોરે ક્યાં ગયો. ૪
પુત્રનારે વિયોગથી, બળીશ દિનને રાવ;
શું કરૂં નથી કાંઇ સુઝતું, એકે પણ ઉપાય;
પુત્ર તું મારોરે ક્યાં ગયો. ૫

એટલું બોલી વિરમતી એકદમ મુર્છા ખાઇ નીચે પડી, ત્યારે દાશીએ તેને પાણી છાંટયા કરવું ત્યારે થોડીવારે ભાન આવ્યું.

હવે અભયસિંહ એક મોટા અરણ્યમાં નીકળી ગયો: ત્યાં વાઘવરૂનો શોર બકોર થઇ રહ્યોછે એવા જંગલમાં અભયસિંહ એકલો ચાલ્યો જાયછે થોડા દિવસે એક ગામમાં આવી પુગ્યો. ત્યાં એક ધરમ શાલાનાં ઉતારો કીધો રાત પડી પણ ઉંઘ આવે નહીં.

હવે તે ગામમાં ચાર ચોરોએ રાજાના દરબારમાં ખાતર પાડયું તેમાં છ દાબડા અમુલ્ય હીરાના ચોરી આ ધરમશાલામાં ચાર ચોરો દાબડા સરખે હીસ્સે વેંચી લેવાને બેઠા. હવે અભયસિંહે મનમાં વિચાર્યું કે લાગ આવે એટલે કાંઇએક હીકમત કરૂં, તેથી આ બધું મુંગે મુંગે જોયા કરતો હતો, થોડીવારે અભયસિંહેન વિચાર આવ્યો કે જ્યારે દાબડા ઉઘાડી સરખે હીસ્સે ભાગ પાડવા બેસે એટલે એકદમ હાઉક કરીને દોડું એટલે તેઓ એમ જાણશે કે ભુતછે તેથી નાશી જશે ને જો નહિં ઉઠશે તો હું ક્ષત્રી બચોછું તેથી તરવાર કાઢીને ચોરો સામે ઉભો રહીશ.

થોડીવારે ચોરોએ દાબડા ઉઘાડયા ને ભાગ પાડવા બેઠા એટલે અભયસિંહ ઉઠી હાઉક કરીને ચોરો સામે દોડયો એટલે ચોરોએ મનમાં વિચાર્યું કે અહીઆં તો ભુત છે તેથી ચોરોએ કહ્યું ભાગોરે બાપડીઆ અહીંઆં તો ભુત છે તેથી ચારચોરો એકદમ જીવ લઇને નાઠા એટલે અભયસિંહે છ દાબડા લઇ લીધા ને પોતાના સ્વાધીનમાં રાખ્યા.

સવાર પડી એટલે રાજાને ખબર પડી કે ભંડારમાં છ દાબડા ચોરાયા છે તેથી ચોરનો પગ કાઢવા મંડયા પણ સૂઝે નહી ત્યારે એક પગીએ તેનો પગ કાઢયો તે પગ ધરમશાળા આગળ આવ્યો એટલે ત્યાં રાજા છડી સ્વારીએ હાથીઉપર બેસીને આવ્યો એટલે અભયસિંહે રાજાને સલામ કરી ને છડી સ્વારી ત્યાંજ અટકી ને રાજાને સર્વ હકીકત અભયસિંહે કહી સંભળાવી ને છ દાબડા રાજાને સ્વાધીન કર્યા તેથી રાજા અત્યંત ખુશી થયો ને અભયસિંહને રાજ કચેરીમાં તેડી ગયો ને અભયસિંહને ન્યાયાધિશનો ઓધો આપ્યો.

આ અભયસિંહ એંદલ ઇનસાફ કરતો તેથી રાજા તેના ઉપર ખુશી થયો ને પોતાની કુંવરી પરણાવી.

હવે અભયસિંહ સુખમાં દિવસ પસાર કરેછે એવામાં તેને માતપિતા સાંભળી આવ્યાં તેથી સવારમાં ઉઠી નાહી ધોઇ કચેરીમાં ગયો ત્યાં સર્વ ન્યાય ચુકવ્યા બાદ રાજાને સર્વ હકીકત કહી તેથી રાજાએ તેને જવાની ખુશીથી રજા આપી. બીજે દીવસે રાજાએ

અભયસિંહને હાથી રથ ઘોડા તથા પાયદળ આપ્યું ને વાટ ખરચી માટે દ્રવ્ય પણ આપ્યું.

હવે અભયસિંહ તથા રાજાની કુંવરી ફડી નાણી ધોઇ પોતાના ગામતરફ કુચ કરતા ચાલ્યા. ને રસ્તામાં જે જે ગામ આવે તેની પાશેથી ખંડણી લેતા તે ત્યાંથી પાછા કુચ કરતા આગળ ચાલ્યા.

હવે જોધપુરમાં પડતી દશા આવી હતી ત્યાં રાજાનો ભંડાર ખુટી ગયો એટલે બે ત્રણ ગામ ઘરેણે મુકીને પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો ને ઘણી ખરાબી થવા માંડી

હવે અભયસિંહ થોડા દિવસે પોતાના પીતાને ગામ આવી પહોંચ્યો ને ગામ બહાર તંબુ નાખ્યો એટલે પ્રતાપસિંહને ખબર પડી કે કોઇક રાજા આપણાઉપર ચડી આવ્યો છે પણ જો આ વખતે આપણો અભયસિંહ હોત તો સૌને પાછા વાળત પણ શું કરું મારા નશીબનો વાંક હવે પ્રતાપસિંહ કાચા સુતરના તાંતણાંથી હાથ બાંધીને અભયસિંહના તંબુમાં આવ્યો એટલે સિપાઇઓએ તેને રોકયો ને અભયસિંહ આગળ સિપાઇઓએ કહ્યું આ ગામનો રાજા કાચા સુતરે હાથ બાંધીને આવ્યો છે અભયસિંહે કહ્યું કે તેના હાથ છોડો મારી પાસે લાવો સિપાઇઓએ અભયસિંહના હુકમપ્રમાણે પ્રતાપસિંહના હાથ છોડી નાંખ્યા ને પ્રતાપસિંહ અભયસિંહ આગળ આવ્યો બાપ દીકરો મલી જવાથી એકદમ ભેટી પડયા ને આંખમાંથી હ-

ધેનાં આંસુ નીકળી પડ્યાં ને બંને પિતા પુત્રએ પો
તાની બીના કહી સંભળાવી

ત્યારપછી મોટી ધામધુમથી નગરમાં આવ્યા ત્યાં
માતાને મળ્યો ત્યારપછી જે ગામો ઘરેણે મુકયાં હતાં
તેનાં નાણાં ભરીને પાછાં લીધાં એક વરસપછી ઈચ્છન
કુમારીવેરે લગન કર્યાં થોડા વરસપછી તેને ગર્ભ રહ્યો
તેને એક પુત્ર થયો તેનું નામ જયદેવ પાડયું પાંચ
વરસ થયાં એટલે જયદેવને ભણવા મુકયો ત્યા ભણીને
હુશીઆર થયો.

હવે તે ગામમાં એક કોળી રહેતો હતો તેની વાડીમાં
કલીંગર ઘણાં ઉગેલાં હતાં તેથી વિચાર આવ્યો કે
આજ સ્ત્રીનાં લક્ષણ તો જોઉં એમ કરી એક પાકેલ
કલીંગર ઉતારી તેના બે અડધા કર્યા ને એક લુગડામાં
વીંટીને સ્ત્રીને કહ્યું કે હું તો રાજાના છોકરાનું માથું
કાપી આવ્યો છું તેનું કોઇને કહીશ નહીં જ્યારે કોળી
પાછો બહાર ગયો એટલે કોળણે પોતાની સઇયરને ક
હયું સઇયરે પોતાના ધણીને કહયું તેના ધણીએ પોતાના
મીત્રને કહયું એમ આખા ગામમાં વાત પસરી ને
રાજાપાસે પણ વાત ગઇ

હવે તે દીવસે જયદેવ રીસાઇ ઘોડારમાં સંતાઈ
રહ્યો હતો હવે પોતાના કુંવરને માર્યાના સમાચાર સાં-
ભળ્યા એટલે કોળીને બોલાવ્યો કોળીને કહયું કે
કુંવરનું માથું કયાં છે

કોળી–માર ઘરે મારી સ્ત્રીની પેટીમાં છે.

રાજા–જા લઇ આવ.

કોળી પોતાના ઘરે રાજાના છોકરાનું માથું લેવા આવ્યો એટલે બે સિપાઈઓને તેની સાથે મોકલ્યા કોળીએ ઘરે આવી કોળણને કહ્યું કે અલી સાંભળે છે કે પેલા રાજાના છોકરાનું માથું લાવ કોળણે તરત માથું કાઢી આપ્યું તે લઈને દરબારમાં આવ્યો ને ત્યાં રૂમાલ ઉખેડયો એટલે અંદરથી કલીંગર નીકળ્યું એટલે રાજા અચરત થયો ને કોળીને પુછ્યુ કે આ કેમ કોળી કહે રાજાજી મેં તો મારી સ્ત્રીનાં પારખાં જોવાને આવા રીતે કર્યું હતુ તેવામાં ઢેઢડીએ આવીને રાજાજીને કહ્યું કે રાજાજી તમારો કુવર તો ઘોડારમાં સંતાડેલો છે રાજાએ બે સિપાઇ મોકલ્યા એટલે કુંવરને તેડી લાવ્યા ને કોળીને શરપાવ આપી ત્યાંથી રવાના કર્યો થોડા મહિના પછી પ્રતાપસિંહ મરણ પામ્યો ને તેની બે સ્ત્રી તેની પાછળ સતી થઇ.

હવે અભયસિંહ રાજ સુખેથી પાલવા લાગ્યો ને તેને રાજ્યમાં ઘણા સુધારા કીધા.

સમાપ્ત.

જાહેર ખબર.

વાંચો! વાંચો!! વાંચો!!!

આ ચોપડી મળવાનું ઠેકાણું માંડવી પુલની સાંમે શા. કરસનદાસ ધરમશી બુકસેલરને ત્યાંથી મળશે. સામટી લેનારને કીફાયત ભાવે મળશે.